સ્થાનિક ચૂંટણીઓમાં ટિકીટ માટે ભાજપમાં લાઈન નહીં લાગે

ગાંધીનગર

ભાજપમાં જૂથબંધીના વાડા બંધ કરો – તેવી પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની ચિમકીપછી પણ આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પૂર્વે પાર્ટીમાં જૂથબંધી પ્રવર્તી રહીછે. સ્થાનિક ગોડફાધરો પાસે અત્યારથી જ ટિકીટ માટેના સોગઠાં ગોઠવાઈ રહ્યાં છે ત્યારે પાર્ટી સૂત્રોકહે છે કે ૪૦ ટકાથી વધુ કોર્પોરેટરો અને

સભ્યોને આ વખતે ટિકીટ મળશે નહીં.

સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યના તમામ મહાનગરોમાં વર્ષોથી ભાજપનું શાસન હોવાથી એન્ટીઈંકમબન્સીનો ભય હોવાથી નો-રિપીટ થિયરીમાં મોટાભાગના સભ્યો આવી શકે છે. પાર્ટી નવયુવાનકાર્યકરોને ટિકીટ આપવા માગે છે. નવા સિમાંકનની જાહેરાત પછી કેટલાક કોર્પોરેટરોનો મતવિસ્તારબદલાઈ જતો હોઈ વિપક્ષને સફળતા ન મળે તે માટે પાર્ટીના પ્રદેશ પ્રમુખ હાલના કોર્પોરેટરને ટિકીટઆપે તેવી સંભાવના જોવામાં આવતી નથી.

રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત, ૫૬ નગરપાલિકા અને છ મહાનગરપાલિકાનીચૂંટણીઓ ઓક્ટોબર અને નવેમ્બરમાં થવાની છે. મહાનગરોમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગરમાં ચૂંટણી નિર્ધારિત છે. પાર્ટીના સિનિયર નેતાએ કહ્યું હતું કે આ વખતેમહાનગરના કોર્પોરેટરો તેમજ જિલ્લા-તાલુકા પંચાયત તેમજ

પાટીલે કહ્યું હતું કે કોઈનો ઝભ્ભો પકડવાથી ટિકીટ નહી મળે, જૂથબંધી નહી વફાદારી જોવાશે

પાલિકાના વર્તમાન સભ્યો પૈકી કોનેટિકીટ મળી શકે છે અને કોનું પત્તું કપાશે તે નક્કી નથી પરંતુ ૪૦ ટકાથી વધુ સભ્યોને ફરીથી ટિકીટમળી શકે તેમ નથી તેથી તેમને ઘરે બેસવાનો વારો આવશે.

અમદાવાદ મહાનગરની ચૂંટણીમાં જોઈએ તો પાર્ટીના હાલના સભ્યો અમિત શાહ, આનંદીબહેનપટેલ, સુરેન્દ્ર પટેલ, પ્રદીપસિંહ જાડેજા, જગદીશ પંચાલ અને આઈકે જાડેજાના સમર્થકો છે. આનેતાઓના સમર્થકોએ અત્યારથી ટિકીટ માટે દોડધામ શરૂ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

આજે તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી આજે બપોરે ૧૨ વાગે રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે યોજાશે.

ઉમેદવારીપત્ર ભરવાના આજના દિવસે કોંગ્રેસમાં ફરી વખત બળવો થશે તેવા સંકેતો મળ્યા હતા. કોંગ્રેસના જ સિનીયર

૧૨ વાગ્યે તા.પં.ની સામાન્ય સભા કલોલ પ્રાંતના અધ્યક્ષપદે મળશે

સભ્ય મહોતજી ઠાકોરે ભાજપના સભ્યના સમર્થન સાથે ઉમેદવારી પણ નોંધાવી હતી.

જો કે આ પછી હરકતમાં આવેલ જિલ્લા કોંગ્રેસની નેતાગીરીએ ડેમેજ કંટ્રોલની કવાયત કરી મહોતજીનુ ફોર્મ પરત ખેંચાવવામાં સફળતા મેળવી હતી.

આજે પ્રમુખપદ માટે ભાજપમાંથી દિપકભાઈ અંબાલાલ પટેલે અને કોંગ્રેસમાંથી ઠાકોર ગોપાળજી સેંધાજીએ ઉમેદવારી નોંધાવી છે. ઉપપ્રમુખ પદ માટે ભાજપે તેના વર્તમાન ઉપપ્રમુખ જગદીશભાઈ આર. પટેલને પુનઃ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે તો કોંગ્રેસે રૂપાલના સુરેશભાઈ આર. પટેલને મેદાનમાં ઉતાર્યા છે.

બપોરે ૧૨ વાગે તાલુકા પંચાયતના સભાખંડમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા સાથે કલોલ પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને આ બેઠક મળશે. જેમાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ભાજપના સૂત્રો આજે પણ દાવો કરી રહ્યા છે કે સત્તા ભાજપ પાસે જ રહેશે. જ્યારે કોંગ્રેસ પણ સત્તા મેળવવા આતુર છે અને કોઈ ચૂક ના થાય તેની પુરતી કાળજી રાખી રહેલ છે.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચાઓ મુજબ કોંગ્રેસના ત્રણ સભ્યો કેમ્પમાં હાજર નથી તો કોંગ્રેસ કહે છે અમારા ૧૬એ સભ્યો અકબંધ છે અને અમે સત્તા મેળવીશુ વિજય પ્રાપ્ત કરીશુ.

બન્ને પક્ષોએ કોઈ તોડફોડની રાજનીતિ ના થાય તે માટે સભ્યોના કેમ્પ કર્યા છે. ભાજપના સભ્યો રાજસ્થાનથી વહેલી સવારે ચિલોડા નજીકની હોટલ પર પહોંચશે જ્યારે કોંગ્રેસના સભ્યો આજે આવી પહોંચ્યા છે અને તે પણ ચિલોડા નજીકની હોટલમાં જ રોકાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

મહોતજી ઠાકોરે બળવો કર્યો અને શમી પણ ગયો ! સમાધાન ફોર્મ્યુલા શું ?

શોભનાબેન વાઘેલાએ ઉમેદવારી નોંધાવી પણ બેઠક રદ થઈ છે તેનું પ્રતિનિધિતિવ કરતા હોવાથી ફોર્મ રદ થયુ : સભાખંડમાં ૨૭ સભ્યો અને ૩ અધિકારીઓને જ પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા પંચાયતમાં આજે કોંગ્રેસના સિનીયર સભ્ય મહોતજી ઠાકોરે બળવો પોકાર્યો હતો પરંતુ પક્ષમાંથી અન્ય કોઈ સભ્યોનો પ્રતિસાદ ન મળતાં બળવો ખાળવામાં જિલ્લાની નેતાગીરી સફળ થઈ હતી.

મહોતજી ઠાકોરને સમજાવી લેવામાં મળેલી સફળતા પછી કોંગ્રેસના આગેવાનો ઉત્સાહમાં આવી ગયા છે. એવુ જાણવા મળેલ છે કે આ માટે સમાધાનની ફોર્મ્યુલા પણ પક્ષે તૈયાર રાખી હતી અને તેનો સ્વીકાર મહોતજી ઠાકોરે કર્યો હતો.

ભાજપ તરફથી પણ પ્રમુખપદ માટે બે ઉમેદવારી પત્ર રજુ થયા હતા. જેમાં શોભનાબેન વાઘેલાએ ઉમેદવારી પત્ર ભર્યુ હતુ પરંતુ તેઓની બેઠક રદ થઈ હોવાથી ચકાસણી દરમ્યાન તેમની ઉમેદવારી પણ રદ જાહેર કરાઈ હતી.

ભાજપ તરફથી દિપકભાઈ અંબાલાલ પટેલે ઉમેદવારી પત્ર પ્રમુખ તરીકેના ઉમેદવાર તરીકે ભર્યુ છે. જ્યારે ભાજપે ઉપપ્રમુખ તરીકે તેના વર્તમાન ઉપપ્રમુખ પર પુનઃ પસંદગી ઉતારી છે.

મળતી વિગતો પ્રમાણે તાલુકા પંચાયતની આજની સભામાં માત્ર ૩૦ જ લોકોને પ્રવેશ આપવામાં આવશે. આખી બેઠકની વિડીયોગ્રાફી કરવામાં આવશે. ૨૭ સભ્યો અને અધિકારીઓને જ સોશિયલ ડિસ્ટન્સીંગ સાથેની બેઠક વ્યવસ્થા સભાખંડમાં રાખવામાં આવી છે.

બન્ને પક્ષોએ વિજયના દાવાઓ કર્યા છે અને બન્ને પક્ષો દ્વારા આખો દિવસ રાજનીતિના દાવપેચ ખેલાતાં જિલ્લામાં અને તાલુકાના રાજકીય વાતાવરણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

તપોવન સર્કલ પર કેબલ સ્ટેડ બ્રિજ બનશે

ગાંધીનગર તા ૮

તપોવન સર્કલ પર ટ્રાફિક જામની સમસ્યા હવે હલ થશે. આ સર્કલને અનુલક્ષીને ફલાય ઓવર બનાવાશે. જેના લીધે ગાંધીનગરથી અમદાવાદ એરપોર્ટ તરફ જવાના માર્ગ પર ટ્રાફિકની અવરજવર સરળ બનશે. કેબલ સ્ટેડ બ્રિજની આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૩૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ અન્વયે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા પુર્ણ થયા બાદ કામ હાથ ધરાશે.

શહેરમાં પણ હાલ માર્ગોને અપગ્રેડ કરવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા સેકટરોના એપ્રોચ માર્ગોને પણ આગામી દિવસોમાં ફોરટ્રેક બનાવાશે. જયારે નગરના મુખ્ય ખ

કેબલ સ્ટેડ બ્રિજ ૧૩૦ કરોડના ખર્ચે તૈયાર થશે : રીંગરોડ પર સર્કલના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે : આગામી ૧૮ મહીનામાં ફલાય ઓવર તૈયાર થઇ જશે

માર્ગ બાદ હાલ ગ માર્ગને પણ સિકસલેન કરવાની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ ચિલોડા સરખેજ હાઈવે પણ આગામી દિવસોમાં નવા રૂપરંગમાં જોવા મળશે.

જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે જોડાયેલા રોડ નેટવર્કને અનુલક્ષી ટ્રાફિકની સમસ્યા પેચીદી બની હોય તેવા પોઈન્ટ પર પણ નવી કાર્યયોજના અમલી બનાવવા તરફ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. જેમાં ગાંધીનગર અમદાવાદ તરફ જવા માટે ખાસ કરીને એરપોર્ટ રૂટમાં આવતા તપોવન સર્કલ પાસે લાંબા સમયથી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેના લીધે આ વિસ્તારમાં માર્ગ સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે.

આવા સંજોગોમાં આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર સરળ થાય તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા ફલાય ઓવર બનાવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી. ફલાય ઓવરના નિર્માણને અનુલક્ષી આખરી આયોજન કરી દેવાયુ છે. રીંગરોડ પર સર્કલના લીધે ટ્રાફિકની સમસ્યા પેચીદી બની હતી જેને નિવારવા માટે આ ઠેકાણે કેબલ સ્ટેડ બ્રિજ બનાવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે ૫૦ ટકા ખર્ચ ઔડા તેમજ બાકીનો ખર્ચ રાજય સરકાર કરશે.આ કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. જયારે આ પ્રોજેકટનુ કામ પુર્ણ થતા અંદાજિત ૧૮ મહીના જેટલો સમય લાગશે.

સચિવાલયમાં વધુ ૨૩૭ કર્મચારીઓના ટેસ્ટ કરાયા

સ્વર્ણિમ સંકુલ સહિતની વિવિધ ઓફિસોના એન્ટીજન ટેસ્ટ કરાતા બે કર્મચારીઓ પોઝીટીવ આવ્યા

ગાંધીનગર, તા. ૮

સરકારી કર્મચારીઓના કોરોના એન્ટીજન ટેસ્ટ કરવાનો સીલસીલો આજે પણ જારી રહ્યો હતો. આજે કરાયેલા ટેસ્ટમાં બે કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. ગાંધીનગરમાં નવા સચિવાલયમાં ઘણી બધી કચેરીઓ આવેલી છે. વળી અહી વિધાનસભા અને સ્વર્ણિમ સંકુલની ઓફિસો પણ બેસે છે. આ કચેરીઓમાં કર્મચારીઓ ઉપરાંત મહાનુભાવોની સતત અવરજવર રહે છે. વળી રાજ્યભરમાંથી મુલાકાતીઓનો પ્રવાહ પણ અહીં સતત રહેતો હોવાથી કોરોના સંક્રમણનો ખતરો અહી સવિશેષ રહે છે. છેલ્લા કેટવલાક સમયથી સરકારી કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગ અને મહાનગરપાલિકાએ નવા સચિવાલયના એકેએક કર્મચારી-અધિકારીના કોરોના ટેસ્ટ કરવાનો નિર્ણય લીધો હતો. આ કામગીરી છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહી છે અને એક પછી એક કચેરીના કર્મચારીઓના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. આજે સ્વર્ણિમ સંકુલ અને બ્લોક નં. ૨ માં આવેલી કચેરીઓના ૨૩૭ કર્મચારીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે પૈકી બે કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવાની કવાયત હજુ કેટલાક દિવસ ચાલશે.

વરસાદી વાદળો દુર હટતા ભાદરવો તપ્યો : બપોરે આકરો તાપ અસહ્ય બન્યો

ગરમીનો પારો પણ સતત ૩૪ ડીગ્રીની આસપાસ : બપોરના સમયે અંગ દઝાડતી ગરમી

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાદળો દુર હટતા વાતાવરણ ચોખ્ખુ જોવા મળે છે. વરસાદના વિરામ વચ્ચે

ભાદરવો તપતા બપોરના સમયે અસહ્ય તાપના લીધે નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. શહેરમાં સિઝનનો સો ટકા વરસાદ થઈ ગયો છે. ત્યારે હજુ પણ ક્યારેક વરસાદી વાદળો આકાશમાં ડોકીયુ કરી જાય છે. આજે મહત્તમ તાપમાન ૩૩.૮ ડીગ્રી નોંધાયુ હતુ જેના લીધે બપોરના સમયે આકરી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

ગાંધીનગરમાં વરસાદે વિરામ લેતા જનજીવને હાંશકારો અનુભવ્યો છે. સતત ટપકતા વરસાદી પાણીના લીધે પ્રભાવિત સેકટરવાસીઓ ભીંજારાથી ત્રાહીમામ પોકારી ગયા હતા જો કે છેલ્લા કેટલાક દિવસોથી ભાદરવો તપતા બપોરનો આકરો તાપ પણ નાગરિકોને અકળાવી રહ્યો છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી પહોંચી ગયુ હતુ જયારે ગરમીનો પારો ઉંચકાતા નાગરિકો દિવસ દરમિયાન ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી રહ્યા છે. બપોરના આકરા તાપની સાથે આકાશમાં કયારેક વરસાદી વાદળો પણ છવાઈ જતા

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ ૧૫ કેસ નોંધાયા

સારવાર દરમ્યાન સે. ૨૭ના વૃદ્ધનું મોત : સે. ૨ માંથી ૩, સે. ૨૪ માંથી ૩, સે. ૧૪ માંથી ૨ ઉપરાંત સે. ૪, ૨૬, ૨૩, ૨૨, ૧૩, ૧૯ અને સે. ૩ માંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૩૫ પર પહોંચી છે.

આજે સારવાર દરમ્યાન શહેરના એક દર્દીનું મોત થયુ છે. સે. ૨૭ના વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત થતાં સેક્ટરમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૭ના આ વૃદ્ધને સારવાર માટે ૩૧મી ઓગષ્ટના રોજ દાખલ કરવામાં આવ્યા હતા અને તેમણે ગઈ મોડી રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા.

શહેરમાં પણ હવે દર્દીઓના મોતની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં રોકેટ ગતિએ કેસો વધી રહ્યા છે. તંત્રની ચિંતા વધી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ માંથી ૩, સે. ૨૪ માંથી ૩, સે. ૧૪ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૪, ૨૬, ૨૩, ૨૨, ૧૩, ૧૯ અને સે. ૩ માંથી કેસો મળી આવ્યા છે. આજે ૬ મહિલા દર્દીના કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૪ માં રહેતા અને મુખ્યમંત્રીના કાર્યાલયમાં સેવક તરીકે ફરજો બજાવતા ૬૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને અમદાવાદના નરોડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૬ માંથી એક ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેક્ટર-૨ માંથી આજે વધુ ૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. સે. ૨ માં કોરોના તેનુ આક્રમક રૂપ બતાવી રહેલ છે.

સે. ૨ માં રહેતી અને મોટા ચિલોડા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે સેવારત ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માં રહેતા અને સોફ્ટવેર કોમ્પોનોન્ટનો વેપાર કરતા એક ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી જ એક ૭૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સે. ૨૪ માંથી પણ આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨૪માં વધી રહેલા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતા વધારી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળની અડાલજ કચેરી ખાતે ફરજો બજાવતા અને સે. ૨૪માં રહેતા ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪માંથી એક ૪૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં વધુ ૨૦ કેસ નોંધાયા

આજે સારવાર દરમ્યાન વધુ ૩ દર્દીના મોત : ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૧ અને કલોલમાં ૭ કેસ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે પણ વધુ ૨૦ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે જેથી તંત્ર સતત દોડધામ કરતુ જોવા મળ્યુ હતુ.

આજે સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ દર્દીના મોત થતાં તંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. જિલ્લામાં દર્દીઓના મોતની ટકાવારી જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે ૩ દર્દીના મોત થયા છે તેમાં

● અનુસંધાન પાન-૭ પર



વડનગરા નાગર અવસાન

અમારા પિતાશ્રી મૃગેન્દ્રભાઈ એન. દેસાઈ (ઉ.વ.૭૮) (નિવૃત્ત નાયબ સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર) ગાંધીનગર ખાતે તા.૭-૯-૨૦૨૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. ટેલીફોનથી પરિવારને સાંત્વના આપવા વિનંતી.

બિના - કૈરવ - નિધિદ મો.૯૮૨૫૭૨૭૭૦૬ | પ્રીતી - ધ્વનિત - રૂદ્રી - નિમિત મો.૯૯૦૪૦૦૩૫૪૧

કમલમ્ કોરોનાગ્રસ્ત બન્યું

સાતને કોરોના પોઝીટીવ રિપોર્ટ : પ્રવક્તા ભરત પંડ્યા, કાર્યાલય મંત્રી પરેશ પટેલ, ઓપરેટર રાકેશભાઈ તથા બે સફાઈ કર્મયોગી કોરોનાની ઝપટમાં આવ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાની હદમાં આવેલ કોબા ગામ નજીક આવેલ ભારતીય જનતા પક્ષનું પ્રદેશ કાર્યાલય "કમલમ્" આજે કોરોનાગ્રસ્ત બન્યુ છે.

કમલમ્માંથી ભાજપના પ્રવક્તા ભરત પંડ્યા, કાર્યાલયમંત્રી પરેશ પટેલ, ટેલિફોન ઓપરેટર રાકેશભાઈ તેમજ બે સફાઈ કર્મયોગીઓ સહિત ૭ લોકો કોરોનાની ઝપટમાં આવતાં કોબા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સન્નાટા સાથે ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

આજે મોડી સાંજે કમલમ્ની એક અખબારી યાદીમાં લોકોને કામ સિવાય કમલમ્ની મુલાકાતે નહિ આવવાની સલાહ આપવામાં આવી છે. ગાંધીનગર તાલુકામાં કોરોના આમેય બેકાબુ બન્યો છે. કમલમની આસપાસના ગામો પણ કોરોના માટે હોટસ્પોટ બની ચુક્યા છે.

પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલનો એન્ટીજન ટેસ્ટ નેગેટીવ આવ્યો છે પરંતુ આર.ટી.પી.સી.આર. ટેસ્ટનો રિપોર્ટ હજુ આવ્યો નથી પણ તેમને એપોલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાની વાતોથી પાટનગર સહિત દેશભરમાં કમલમ્ આજે ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવ્યુ છે.

સિવિલ હૉસ્પિટલમાં કોરોનાની સારવાર હેઠળના પ્રથમ તબીબનું મોત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં આજે કોરોનાની સારવાર હેઠળના એક સરકારી તબીબી અધિકારીનું મોત થતાં સિવિલ હૉસ્પિટલમાં સન્નાટો વ્યાપી જવા સાથે સમગ્ર વાતાવરણમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે અન્ય જિલ્લામાં સરકારી તબીબી અધિકારી તરીકે ફરજો બજાવતા આ તબીબ ૨૪ ઑગસ્ટથી સારવાર હેઠળ હતા. તેમનું આજે મોત થયું છે. તેઓ ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે રહેતા હતા. ૬૧ વર્ષીય તબીબી અધિકારીના મોતની ઘટનાએ સિવિલ હૉસ્પિટલના સૌને હચમચાવી દીધા છે. ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં ૩૦૦ બેડની કોવિડ હૉસ્પિટલ બનાવવામાં આવી છે પણ ગાંધીનગર સિવિલમાં જ સ્ટાફની અછત છે. ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં કોવિડનો ડેથરેટ પણ ઊંચો જણાયો છે. છેલ્લા ૧૫ દિવસમાં ૪૦થી વધુ દર્દીઓના મોત થયા છે.

અહિના તબીબો અન્ય જિલ્લાઓમાં કોવિડ માટે પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવી રહ્યા છે. અહિં સ્ટાફની અછત હોવા છતાં દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે.

જિલ્લામાં હાલ દર ૩ દિવસે ૧૦૦ કેસો નોંધાઈ રહ્યા છે. પરંતુ તંત્ર દ્વારા પણ આ બાબતે સરકારમાં અસરકારક રજૂઆત કરવામાં આવતી નથી એટલું જ નહિ ગાંધીનગર એટલે બધુ સારું એવી માન્યતા પણ સરકારમાં પ્રવર્તી રહી છે.

સિવિલમાં ૧૪૦થી વધુ દર્દીઓ વચ્ચે જે ફિઝીશયનો હોવા જોઈએ તે છે નહિ તેમજ અહિં ડૉક્ટરોને ડ્યૂટી અવર્સ પણ જોવાતા નથી. સિવિલમાં તબીબોની અછતને લઈ વારંવાર અખબારોમાં અહેવાલો ચમકે છે પણ સરકારના પેટનું પાણી હાલતું નથી. આજે ગાંધીનગર સિવિલમાં પ્રથમ સરકારી તબીબી અધિકારીનું મોત થતાં સિવિલના કોરોના વોરિયર્સ એ પણ નોકરીના કલાકો નિયત કરો તેમજ વધુ તબીબોને જવાબદારી સોંપો તે વાતને લઈ સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરી હોવાની વાતો બહાર આવવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com